જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૪/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૬૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૦ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૨૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બીયર ટીન, ૦૨ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૪૧,૬૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૬૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૪૬૫/૨૦૨૬**

દાણીલીમડાઃ અઝરૂદીન સ/ઓ મોહમદઇસ્લામ કુરેશી (ઉ.વ.૩૨)(રહે, ચંડોળા લેક સોસાયટી, સુલેમાની મસ્જીદ, ચંડોળા તળાવ સામે, દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૩/૨૦૨૬ રાતના ૮/૩૦ થી તા.૨૮/૦૩/૨૦૨૬ સાંજના ૭/૧૦ વાગ્યા દરમ્યાન OLX આઇ.ડી ઉપર એડ આઇ.ડી.1835826823 થી iPhone 17 Pro max, 256 GB ફોન રૂપિયા ૧,૧૮,૦૦૦ માં વેચવા માટેની જાહેરાત મુકનાર અજાણી વ્યક્તિએ અઝરૂદ્ધીન કુરેશીને ફોન ખરીદવા માટે મેસેજ તથા કોલ કરી વિશ્વાસમાં લઇ કુલ રૂપિયા ૧,૧૧,૦૦૦/– માં ફોન આપવાનુ જણાવી અઝરૂદ્ધીન કુરેશીને ક્રોમા મોલ મણીનગર ખાતેથી ફોન મેળવી લેવાનું જણાવી અલગ–અલગ સ્કેનર અઝરૂદ્ધીન કુરેશીના વોટ્સએપ ઉપર મોકલી કુલ રૂપિયા ૧,૧૧,૦૦૦/– ટ્રાન્સફર કરાવી લઇ મોબાઇલ ફોન નહી આપી તેમજ રૂપિયા પરત નહી કરી અઝરૂદ્ધીન કુરેશી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.ટી.દેસાઇ ચલાવે છે.

ઘાટલોડીયાઃ વિનોદ ગોપીભાઇ ધોબી (ઉ.વ.૨૨)(રહે. ચાણક્ય પી.એમ.આવાસ, વિશ્વાસ સીટી–૧૦ સામે, ગોતા) એ તા.૩૧/૦૩/૨૦૨૬ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ થી કલાક ૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઘાટલોડીયા હરીનગર સામે ભાગ્યોદય સોસાયટી વિભાગ–૧, દેવનારાયણ ડ્રાઇ ક્લીનરસ ખાતે વિનોદ ધોબીને પેટીએમ કંપનીના કર્મચારી તરીકેની ઓળખ આપનાર અજાણી વ્યક્તિએ પેટીએમ બોક્ષ બંધ કરાવી આપવાના બહાને વિનોદ ધોબી પાસેથી ફોન મેળવી લઇ વિશ્વાસમાં લઇ, ફોનના પેટીએમનો પાસવર્ડ અને પીન મેળવી લઇ વિનોદ ધોબીના ખાતામાંથી કુલ રૂપિયા ૫૦,૦૦૦/– ટ્રાન્જેકશન કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.જી.જોષી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૪૬૬/૨૦૨૬**

નારોલઃ વશરામભાઇ પ્રભાતભાઇ રબારી (ઉ.વ.૭૦)(રહે.જુનુ વારીહીનગર ઉમીયા માતા મંદીર સામે આકાશ મેટ્રો સીટી રોડ નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૩/૨૦૨૬ કલાક ૪/૦૦ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરનો દરવાજો ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી આઇટેલ કંપનીનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૫૦૦/–, સોનાની વિંટી નંગ–૨ કિમત રૂપિયા ૪૫,૦૦૦/–, કાનમા પહેરવાના આંગનીયા નંગ–૬ કિમત રૂપિયા ૫૪,૦૦૦/–, ચાંદીની લક્કી કિમત રૂપિયા ૨૫,૦૦૦/– ચાંદીનુ કડું કિમત રૂપિયા ૨૫,૦૦૦/– અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૭૯,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરસીયા ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૪૬૭/૨૦૨૬**

રખિયાલઃ નાઝીયાબાનુ ફિરોજ પઠાણ (ઉ.વ.૨૬)(રહે.જેઠાલાલ કુંભારની ચાલી મચ્છી માર્કેટ રખીયાલ) તા.૧૯/૦૩/૨૦૨૬ બપોરના ૧/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં કામ કરતા હતા ત્યારે પહેરેલ દુપટ્ટો ગેસની સગડીમાં સળગી જતા ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૩/૨૦૨૬ કલાક ૯/૫૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૪૬૮/૨૦૨૬**

વેજલપુરઃ વેજલપુર જીવરાજ પાર્ક ટી.વી.નાઇન સામે બજરંગ રો–હાઉસ ખાતે મુકેશભાઇ વઘેલા નાઓનો ચૌદ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર તા.૩૧/૦૩/૨૦૨૬ બપોરના ૩/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે બાથરૂમમાં ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેને ડો.જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડો.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એ.બાબી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી